ફકત કચેરી ના ઉપયોગ માટે

# વાર્ષિક યોજના

## ૨૦૧૫-૧૬

# મોટી અને મધ્યમ સિંચાઈ

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ફેબ્રુઆરી-૨૦૧૫

<u>નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ</u>

<u>ગુજરાત સરકાર</u>

**પેટા સદર: મોટી અને મધ્યમ સિંચાઈ**

**૧. પ્રસ્તાવના:**

રાજ્યના કુલ ૧૯૬ લાખ હેકટર ભૌગોલિક વિસ્તાર પૈકી ૧૨૪ લાખ હેકટર વિસ્તાર ખેડાણલાયક વિસ્તાર છે. ઉપલબ્ધ ભૂતળ અને ભૂગર્ભજળ સ્ત્રોતોના યોગ્ય ઉપયોગથી ૬૭ લાખ હેકટર વિસ્તાર અંતિત સિંચાઈ હેઠળ આવરી શકાશે. બાકીનો ૫૮ લાખ હેકટર વિસ્તાર વરસાદી પાણી પર નિર્ભર છે. કૃષિ માટે પાણીએ અનિવાર્ય જરૂરિયાત હોઈ, વરસાદીપાણી પર નિર્ભર વિસ્તારમાં યોગ્ય જળવ્યવસ્થાપન વડે શક્ય હોય ત્યાં સિંચાઈનું વિસ્તરણ જરૂરી છે. ફક્ત ૫.૫૦ ટકા પાણી વડે રાજ્યની ૬૦ મીલીયન વસ્તીને ટકાવવાની છે, એ સંદર્ભે રાજ્યમાં પાણીની માત્રા ઘણી ઓછી છે. વિસ્તરતું જતું કૃષિ ક્ષેત્ર અને અન્ય ક્ષેત્રોમાં પાણીની માંગ સતત વધી રહી છે, જે આ દશકાના અંત સુધીમાં વધતી રહેશે. ઉપલબ્ધ જળસંપત્તિના સાતત્ય પૂર્ણ અને વિવેક પૂર્ણ ઉપયોગથી જ વધતા જતા કૃષિ ઉત્પાદનને ટકાવી શકાશે.

ગુજરાતએ પાણીની તંગીવાળું રાજ્ય છે. રાજ્યની મહત્તમ જળસંપત્તિ રાજ્યના ૨૦ ટકા વિસ્તારમાં એટલે કે દક્ષિણ ગુજરાતમાં છે, જ્યારે બાકીનો ૮૦ ટકા વિસ્તાર પાણીની અછત વાળો વિસ્તાર છે. રાજ્યમાંવરસાદ અપૂરતો, અનિશ્ચિત અનિમિત છે. રાજ્યમાં૧૦ વર્ષમાંથી ૭ વર્ષ અછત કે અર્ધ અછતની પરિસ્થિતિ જોવાયેલ છે.

રાજયની કૂલ જળસંપત્તિ ૫૫,૬૦૮ મીલીયન ઘનમીટર અંદાજવામાં આવેલી છે. જેમાંથી ૩૮,૧૦૦ મીલીયન ઘનમીટર ભૂતળ જળસંપત્તિ સ્વરુપે છે. આ ભૂતળ જળસંપત્તિમાં ૧૧,૧૦૦ મીલીયન ઘનમીટર નર્મદાના પાણીનો સમાવેશ થાય છે. સમગ્ર ભારતના વિસ્તારની સાપેક્ષમાં ગુજરાત રાજયનો ભૌગોલિક વિસ્તાર ૬.૩૯ ટકા છે. જયારે રાજયની વસ્તી સમગ્ર દેશની વસ્તીની સાપેક્ષમાં ૪.૮૮ ટકા છે. પરંતુ કમનસીબે ગુજરાત રાજયમાં સમગ્ર દેશની ૫.૫૦ ટકા જ જળસંપત્તિ આવેલી છે.

ગુજરાત રાજયમાં સિંચાઇ માટે ભૂગર્ભ જળસંપત્તિની ઉપલબ્ધિ પ્રમાણમાં ઘણી ઓછી છે. રાજયના મોટા વિસ્તારોમાં પૂરતી માત્રામાં ભૂગર્ભ જળ મેળવવું આર્થિક દ્રષ્ટિએ ખર્ચાળ થતું જાય છે. આ ઉપલબ્ધ થઇ શકતી ભૂગર્ભ જળસંપત્તિની માત્રા ૧૭,૫૦૮ મીલીટન ઘનમીટર અંદાજવામાં આવેલ છે. રાજયના અમૂક વિસ્તારોમાં ભૂગર્ભ જળનો વપરાશ અતિશય વધુ છે. જયારે તેની સાપેક્ષમાં રીચાર્જની માત્રા ઘણી ઓછી છે. જેના કારણે ભૂગર્ભ જળસપાટી ઘણે ઉંડે જવા પામેલ છે તથા પાણીની ગુણવત્તા પણ બગડવા પામેલ છે. જેના લીધે આ પાણી સિંચાઇ કે પીવાલાયક રહેલ નથી. કેટલાંક વિસ્તારોમાં ભૂગર્ભ જળ સપાટી દર વર્ષે ૩ થી ૫ મીટર ના દરે નીચી ઊતરતી જાય છે. પાણીની ગુણવત્તા બગડવાના કારણે ફલોરોસીસ અને

અન્ય પાણીજન્ય રોગોનું પ્રમાણ વધવા પામેલ છે. ભૂતળ જળનું સંચાલન કરવું સહેલું છે. પરંતુ ભૂગર્ભ જળની પરિસ્થિતિ નજરે જોઇ શકાતી ન હોવાથી તેનું સંચાલન કરવું દુષ્કર છે.

પાણીનો વપરાશ મુખ્યત્વે ત્રણ રીતે થાય છે. ખેતી, ઘરવપરાશ અને પીવાના પાણી તથા ઇન્ડસ્ટ્રી માટે. આ ત્રણેમાં ખેતી માટે પાણીનો વપરાશ સૌથી વધુ થાય છે. જે સમગ્ર વપરાશના ૮૦ ટકા જેટલો છે.

## ૨. ઉદ્દેશો અને વ્યૂહરચનાઓ:

જરૂરિયાતવાળા ખેડૂતોને સહાય પૂરી પાડવા માટે સરકાર પ્રતિબધ્ધ છે. વૈજ્ઞાનિક તંત્રવિદ્યા અને આવિષ્કારક પ્રયત્નો થકી વિવિધ યોજનાઓ મારફતે મહત્વના જળસ્ત્રોતોના અસરકારક ઉપયોગ અને સંગ્રહ માટે જળસંપત્તિ વિભાગે વિવિધ યોજનાઓનું આયોજન કર્યું છે. જેમાં

(૧) હયાત નહેર પધ્ધતિના મજબુતીકરણ થકી જળવપરાશની કાર્યક્ષમતા વધારવી
(૨) નદીઓનું આંતર જોડાણ અને પાણીની આંતર-બેઝીન તબદીલી
(૩) સહભાગી સિંચાઈ વ્યવસ્થા
(૪) ક્ષાર પ્રવેશ નિયંત્રણ
(૫) ખૂટતી કડીઓ પૂર્ણ કરી અગાઉ મૂડી રોકાણ કરેલ યોજનાઓના લાભો ઉપલબ્ધ કરાવવા

**જળ વપરાશની ક્ષમતા વધારવી (હયાત નહેરોની સુધારણા અને આધુનિકરણ):** ઉત્પન્ન કરેલ સિંચાઈ ક્ષમતા અને સિંચાઈ વપરાશ વચ્ચે ૨૦ ટકાની ઘટ છે. આ ઘટનું એક મુખ્ય કારણ બિન કાર્યક્ષમ નહેર પદ્ધતિ છે, જે પિયત વિસ્તારમાં ખેડૂતોની જરૂરીયાત પૂર્ણ કરવામાં સક્ષમ નથી. સિંચાઈ યોજનાઓની નહેરોનું બાંધકામ વર્ષો અગાઉ કરવામાં આવેલ છે અને મોટે ભાગે અસ્તર વગરની છે. જેના કારણે નહેરો ઉપયોગ શરૂ કર્યા પછી સમય જતાં નહેરોનો હાઈડ્રોલિક કાર્યક્ષમ આકાર નાશ પામેલ છે. વધુમાં નહેરોના માર્ગમાં લીકેજને કારણે નોંધપાત્ર ઘટ પડે છે. યોજનાનાની શરૂઆત વખતની પાક પદ્ધતિ અને જમીન વપરાશમાં પણ નોંધપાત્ર ફેરફાર થયેલ છે, જેના કારણે જરૂરિયાત પ્રમાણેનું પાણી વહન કરવામાં નહેરો સક્ષમ નથી. આથી આવી દરેક નહેર પધ્ધતિની સિંચાઈ ક્ષમતાનું પુન:મુલ્યાંકન કરવું જરૂરી છે.

બદલાતી જતી પરિસ્થિતિમાં પાણીની જરૂરિયાત પૂરી પાડવા વિભાગે જ્યાં શક્ય હોય ત્યાં નહેરોનું ખરેખર સ્થળ પરનું મુલ્યાંકન અને ફરીથી આલેખન કરવાની જરૂરિયાત સમજી એ દિશામાં પગલાં લેવાની શરૂઆત કરી છે. નહેરમાં પાણીના વહન વખતે પાણીનો ઓછામાં ઓછું લીકેજ થાય અને નહેરો કાર્યક્ષમ રીતે ચાલે એ માટે રાજ્ય સરકારે નહેરોને ફરીથી આકારમાં લાવવાની અને કાંક્રીટનું અસ્તરકામ કરવાની જરૂરિયાત સમજી છે.

**પાણીની આંતરબેઝીન તબદીલી (નદીઓનું આંતર જોડાણ)**: ઉપલબ્ધ તમામ જળસંપત્તિના વપરાશ બાદ, પાણીની અછતવાળા ગુજરાત જેવા રાજ્યમાં પાણીનું સંતુલન જાળવવા પાણીની છતવાળા સ્ત્રાવક્ષેત્રમાંથી પાણીની ઘટવાળા સ્ત્રાવક્ષેત્રમાં પાણી લઇ જવાનો એક માત્ર વિકલ્પ બચે છે. પાણી છતવાળા વિસ્તારમાંથી પાણીની અછતવાળા વિસ્તારમાં પાણીની તબદીલી માટે સુજલામ્ સુફલામ્ યોજના અને સૌની યોજના મહત્વની પહેલ છે. રાજ્યના પાણીની અછતવાળા અને ભૂગર્ભજળના વધુ પડતા ખેંચાણવાળા વિસ્તારોમાં જળસંપત્તિના સ્ત્રોતો વધારવા આ એક સંકલિત પ્રયાસ છે. પાણીની વધુ ઉપલબ્ધિવાળા વિસ્તારોમાંથી પાણીની ઓછી ઉપલબ્ધિવાળા વિસ્તારોમાં પાણીની આંતરબેઝીન તબદીલી જેવી આ યોજનામાં મેક્રો અને માઈક્રો સ્તરે ઉપાયોનો સમાવેશ થાય છે. મોટી માત્રામાં ભૂગર્ભ જળ રીચાર્જ કરવા માટે

- સ્પ્રેડીંગ કેનાલ
- ઉદ્દ્વહન સિંચાઇ યોજનાઓ (પાઇપ લાઇનો)
- હાઇ લેવલ કેનાલો.
- ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજનાઓ અને
- જળસંચય બાંધકામો અને તળાવો ઊંડાં કરી સપાટી જળમાં વધારો કરવો.

**સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન**: સિંચાઇ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે સિંચાઇના પાણીનું વિતરણ સારી રીતે અને જરૂરિયાત મુજબની માત્રામાં કમાન્ડ વિસ્તારના તમામ ખેડૂતોને મળી રહે તે માટે સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન અત્યંત જરૂરી છે. આ વ્યવસ્થા હેઠળ સિંચાઇ પાણીના વપરાશ માટે મંડળીઓ બનાવી તેઓને કેનાલ તથા ફીલ્ડ ચેનાલનું સંચાલન સોંપવામાં આવે છે. જેથી કેનાલના છેવાડાના ખેડૂતોને પણ તેના હકક હિસ્સા મુજબ પૂરતી માત્રામાં પાણી મળી રહે. આ માટે હયાત નહેરોના સમારકામ આ મંડળીઓની ભાગીદારીથી હાથ ધરવાના કામને અગ્રીમતા આપવામાં આવે છે. ગુજરાત સરકારે લાભિત ખેડૂતોને સિંચાઇ વ્યવસ્થામાં સાંકળવા માટે સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન એકટ-૨૦૦૭ નો અમલ કરેલ છે. ઉપભોગતા સંચાલન પધ્ધતિના અનુભવે જણાયું છે કે જળવ્યવસ્થાપનનાં ઘણાં કામો ખેડૂત મંડળીઓ દ્વારા ઓછા ખર્ચે અને કાર્યક્ષમ રીતે કરવામાં આવે છે. ખેડૂતોના હવાલે રહેલી નહેર પધ્ધતિમાં કોઈપણ ક્ષતિ કે ખરાબી થતાં ખૂબ ઝડપથી દૂરસ્ત થાય છે જેના કારણે પાણીની વપરાશની કાર્યક્ષમતામાં વધારો થાય છે.

**ક્ષારપ્રવેશ નિયંત્રણ**: ગુજરાત રાજયમાં સૌથી લાંબો ૨૧૨૫ કી.મી. લંબાઇનો દરિયાકાંઠો છે. જે સમગ્ર ભારતના દરિયાકાંઠા ની લંબાઇનો ત્રીજા ભાગ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં સિંચાઇના કારણે ભૂગર્ભ જળ સપાટીમાં ઘટાડો થવાથી, ક્ષાર મુકત પાણી કાંઠા વિસ્તારમાં પ્રવેશે છે. જેના કારણે કાંઠા વિસ્તારની જમીન બીન ફળદ્રુપ બને છે. ભવિષ્ય આ ભયજનક પરિસ્થિતિની ગંભીરતા સમજી ક્ષાર પ્રવેશને આગળ વધતો અટકાવવા માટે રાજય સરકારે બંધારા/ ભરતી

નિયંત્રક, રીચાર્જ જળાશયો, રીચાર્જ તળાવો, વિસ્તરણ નહેરો, રીચાર્જ કૂવા, ચેકડેમો, રેડિયલ કેનાલ જેવાં સંખ્યાબંધ પગલાં લીધેલ છે. બારમી પંચવર્ષિય યોજનામાં પણ આવા કામો ચાલુ રાખવામાં આવનાર છે.

## ૩. ધ્યેયો અને લક્ષ્યાંકો:

**નાણાકીય લક્ષ્યાંકો:**

- મોટી અને મધ્યમ સિંચાઈની અગ્રિમતાઓ અને મુખ્ય ઝોક ધ્યાને લેતાં મોટી અને મધ્યમ સિંચાઈ માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. **૩૧૬૧૯૬.૦૧** લાખનો ખર્ચ કરવાનું લક્ષ્ય છે.

**ભૌતિક લક્ષ્યાંકો:**

- મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ થકી વર્ષ ૨૦૧૫-૧૬ માં કૂલ ૨૫૦૦૦ હેક્ટર સિંચાઇ ક્ષમત્તા ઉભી કરવાનો લક્ષ્યાંક છે જે પૈકી ૧૪,૦૦૦ હેક્ટર સિંચાઈ ક્ષમતા મોટી અને મધ્યમ યોજના(કડાણા હાઇ લેવલ કેનાલ-૨૦૦૦ હેક. + પાનમ હાઇ લેવલ કેનાલ-૫૦૦૦ હેક. + ઉકાઇ-પૂર્ણા-૫૦૦૦ હેક. + સૌરાષ્ટ્રની ૧૬ મીડીયમ સિં. યોજના ૨૦૦૦ હેક્ટર) + નર્મદા કેનાલ આધારિત પાઇપલાઇન ૬૦૦૦ હેક. + સૌરાષ્ટ્ર અને કચ્છ ના ક્ષાર પ્રવેશ નિયંત્રણ ના કામો દ્વારા ૫૦૦૦ હેક્ટર
- સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬માં ૫૦,૦૦૦ હેક્ટર વિસ્તાર આવરી લેવો.
- સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના બંધારા, ટાઇડલ રેગ્યુલેટર, સપ્રેડિંગ ચેનલ પૂરા કરી ક્ષાર પ્રવેશ નિયંત્રણ કરવું.
- હયાત યોજનાઓની નહેરોનું વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણ દ્વારા ૬૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ વ્યવસ્થા સુદ્દઢ કરવી.

## ૪. મોટી અને મધ્યમ સિંચાઈની અગત્યની યોજનાઓ:

### ૪.૧ સુજલામ સુફલામ યોજના:

રાજ્ય સરકાર દ્વારા પાણીની વધુ તંગીવાળા ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના જીલ્લાનો સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે. આ જીલ્લાઓ અમદાવાદ, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ, સુરેન્દ્રનગર અને કચ્છ છે. આ યોજનામાં મુખ્ય બે ઘટકો છે. (૧) સિંચાઈ અને જળવ્યવસ્થાપન (૨) પીવાના પાણી માટેનાં કામો.

### ૪.૧.૧ સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ:

કડાણા જળાશયના અને નર્મદાના વધારાના પૂરના પાણીને ઉત્તર ગુજરાતના પાણીની અછતવાળા વિસ્તારોમાં વાળવા મહી નદીથી બનાસ નદી સુધીની, સાત જીલ્લાઓમાંથી પસાર થતી ૩૩૨ કિ.મી. લાંબી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ ૨૧ નદીઓ, ૨ રાષ્ટ્રીય ધોરી માર્ગ, ૭ રેલવે લાઈન્સ અને કે જેના માટે ખાસ સ્ટ્રકચર્સના બાંધકામની જરૂર પડે છે તેમજ નાના કાંસ માટે બીજા ૫૬૪ સ્ટ્રક્ચરોને પસાર કરે છે. વધારાનાં સ્ટ્રક્ચર્સ / ઈનલેટ / ક્રોસીંગ સિવાય સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલનું બાંધકામ પૂર્ણ થયેલ છે. ખેડૂતો દ્વારા ઉદવહન સિંચાઈ અને કેનાલમાંના પાણીથી ભૂગર્ભ જળ રીચાર્જ થકી યોજનાના લાભો મળતા થયા છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે રૂ **૪૮૭૮.૦૬ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

### ૪.૧.૨ નર્મદા મુખ્ય નહેરથી ઉત્તર ગુજરાતના જુદા જુદા જળાશયો સુધીની ઉદવહન સિંચાઈ યોજનાઓ (પાઈપલાઈનો): (ઉત્તર ગુજરાત વિસ્તારને ફાળવાયેલ નર્મદાના પુરના વધારાના એક મીલીયન એકર ફીટ પાણીના વપરાશ અંતર્ગત)

નર્મદાના પૂરના વધારાના પાણીનો ઉપયોગ કરી પાઇપલાઈનો મારફતે ઉત્તર ગુજરાતના ૯ જળાશયો ભરવા માટેની કામગીરી પ્રગતિમાં છે. ૯ પાઈપલાઈનોના કામો પૂર્ણ થયેલ છે. નર્મદા મુખ્ય નહેરથી દાંતીવાડા ડેમ સુધી, નર્મદા મુખ્ય નહેરથી પાટણ-ડીંડરોલ પાઈપલાઈન (ખોરસમ-સરસ્વતી પાઈપલાઈનનું એકસટેન્શન)નાં પ્રગતિમાં છે, જ્યારે કરણનગર થી ધાંધુસણ (કડી-આદુન્દ્રા થી ધરોઈ)નું કામ પૂર્ણતાને આરે છે. આ કામોથી વર્ષ ૨૦૧૫-૧૬ માં સુજલામ-સુફલામ નહેર આસપાસનો ૬૦૦૦ હેક્ટર વિસ્તાર આવરી લેવાયેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ કામો માટે રૂ. **૧૪૪૮૬.૦૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

### ૪.૧.3 ઉત્તર ગુજરાત વિસ્તારની મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓના હયાત કમાન્ડ વિસ્તારનું વિસ્તરણ:

સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ અને નર્મદા મુખ્ય નહેર થકી નર્મદાના પૂરના વધારાનાં પાણી અને અન્ય નદીઓના વધારાના પાણીની ઉપલબ્ધતાને ધ્યાને રાખી ઉત્તર ગુજરાતની હયાત યોજનાઓના હાલના કમાન્ડ વિસ્તારનું વિસ્તરણ કામ હાથ ધરેલ છે. ધરોઈ જમણા કાંઠા મુખ્ય નહેરના કમાન્ડનું વિસ્તરણનું કામ પૂર્ણ થયેલ છે. ધરોઈ ડાબા કાંઠા મુખ્ય નહેરના કમાન્ડનું વિસ્તરણ અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ અને ધરોઈ જમણા કાંઠા મુખ્ય નહેરના વિસ્તારીત વિસ્તારની વચ્ચેના વિસ્તારનું વિસ્તરણ કામ પ્રગતિમાં છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે રૂ. **૧૦૨૦.૦૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૪.૧.૪ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સિંચાઈ અને ભૂગર્ભજળના પુન:પ્રભરણ માટે નર્મદાના પૂરનાં ૧ મીલીયન એકર ફીટ પાણીના વપરાશ અંતર્ગતનાં કામો:**

**સૌરાષ્ટ્ર-નર્મદા અવતરણ સિંચાઈ યોજના (સૌની યોજના)**

સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના એક મીલીયન એકર ફીટ પાણીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં પહેંચાડવા માટે રૂ. ૧૦,૮૬૦ કરોડના અંદાજીત ખર્ચવાળી **સૌરાષ્ટ્ર-નર્મદા અવતરણ સિંચાઈ યોજના (સૌની યોજના)** અમલમાં મૂકવામાં આવી છે.

નર્મદાના પૂરના વધારાના વહી જતા પાણીને સુરેન્દ્રનગર નજીક ધોળીધજા ડેમમાં લાવવામાં આવશે અને ત્યાંથી ૧૧૨૬ કિ.મી. કૂલ લંબાઈની ચાર લીન્ક કેનાલો દ્વારા સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયોમાં પાણી પહેંચાડવામાં આવશે, જેનાથી ૧૦,૨૨,૫૮૯ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે. આ લીન્ક કેનાલો

(૧) **મચ્છુ-૨ (મોરબી) થી જામનગર જિલ્લાના સાની ડેમ** સુધીની નહેરની વહન ક્ષમતા ૧૨૦૦ ઘનફુટ પ્રતિ સેકન્ડ છે અને તેની અંદાજીત કિંમત રૂ. ૧૫૩૩ કરોડ છે. રાજકોટ અને જામનગર જિલ્લાના ૩૦ જળાશયોના કૂલ ૨,૦૨,૧૦૦ એકર વિસ્તારને લાભ મળશે.

(૨) **સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી-ભોગાવો-૨ ડેમ થી અમરેલી જિલ્લાના રાયડી ડેમ સુધીની** ૧૦૫૦ ઘનફુટ પ્રતિ સેકન્ડની વહન ક્ષમતા ધરાવતી નહેરની અંદાજીત કિંમત રૂ. ૩૨૨૯ કરોડ છે. ભાવનગર અને અમરેલી જિલ્લાના ૧૭ જળાશયોના  ૨,૭૪,૭૦૦ એકર વિસ્તારને સિંચાઈના લાભો મળશે.

(૩) **સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમ થી રાજકોટ જિલ્લાના વેણુ-૧ ડેમ સુધીની** ૧૨૦૦ ઘનફુટ પ્રતિ સેકન્ડની વહન ક્ષમતા ધરાવતી નહેરની અંદાજીત કિંમત રૂ. ૨૩૧૪ કરોડ છે. રાજકોટ, મોરબી, દેવભુમી દ્વારકા, જામનગર, પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લાના ૨૮ જળાશયોના  ૧,૯૮,૦૬૭ એકર વિસ્તારને સિંચાઈના લાભો મળશે.

(૪) **સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી-ભોગાવો-૨ ડેમ થી જૂનાગડ જિલ્લાના હિરણ-૨ ડેમ સુધીની** નહેરની વહન ક્ષમતા ૧૪૧૫ ૧૨૦૦ ઘનફુટ પ્રતિ સેકન્ડ છે અને તેની અંદાજીત કિંમત રૂ. ૩૭૮૫ કરોડ છે અને ૪૦ જળાશયોના કૂલ ૩,૪૭,૭૨૨ એકર વિસ્તારને લાભ મળશે.

એકંદરે સૌની યોજના થી સિંચાઇ અને પીવાના પાણી નો લાભ ગુજરાતના ૧૧ જીલ્લા જેવાકે રાજકોટ, જામનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેંદ્રનગર, મોરબી અને દેવભુમી દ્વારકા ને મળશે.

નર્મદાની બોટાદ શાખાના પાણીથી સુખભાદર, ગોમા, કાનિયાડ અને કિશ્નાસાગર જળાશયો સુધીની પાઈપલાઈનનું ફેઝ-૧ નું કામ પૂર્ણ થયેલ છે. અને ફેઝ-૨ નું કામ પ્રગતિમાં છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં સૌની યોજના માટે **રૂ. ૨૧૦૨૩૬.૫૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૪.૧.૫ ક્ષાર પ્રવેશ નિયંત્રણ તથા નર્મદાના વધારાના પૂરના ૧ મીલીયન એકર ફીટ પાણીના વપરાશ માટે કચ્છ જીલ્લામાં ભરતી નિયંત્રકો / બંધારાનાં કામો:**

ક્ષાર પ્રવેશ નિયંત્રણ તથા નર્મદાના વધારાના પૂરના ૧ મીલીયન એકર ફીટ પાણીના વપરાશ માટે કચ્છ જીલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત ૫૦ બંધારાનાં કામો પૂર્ણ થયાં છે. ૨ બંધારાનાં કામો પ્રગતિમાં છે. નર્મદાના વધારાના પૂરના ૧ મીલીયન એકર ફીટ પાણીના ઉપયોગના અન્ય સંલગ્ન કામો વર્ષ ૨૦૧૫-૧૬માં હાથ પર લેવાનું આયોજન છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે રૂ. **૨૩૮.૦૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૪.૧.૬ પાનમ ઉચ્ચસ્તરીય (હાઈ લેવલ) નહેર (આદિજાતિ):**

પંચમહાલ જીલ્લાના કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાના ૧૮,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપતી, રૂ. ૨૪૦.૦૦ કરોડના અંદાજીત ખર્ચવાળી સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગતની પાનમ ઉચ્ચસ્તરીય (હાઈ લેવલ) નહેરનાં કામો પ્રગતિમાં છે. આ અંતર્ગત ઈજનેરી કૌશલ્યવાળૂ ૩.૨ કિ.મી. લંબાઈનું ટનલનું કામ, એપ્રોચ ચેનલ, લીંક કેનાલ, મુખ્ય નિયંત્રક અને કોતર ટ્રેઈનીંગનું કામ પૂર્ણ થયેલ છે. જમણા કાંઠા અને ડાબા કાંઠા મુખ્ય નહેરની ૯૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. વિતરણ વ્યવસ્થાનાં કામો પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે રૂ. **૬૦૦.૦૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૪.૧.૭ કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય (હાઈ લેવલ) નહેર (આદિજાતિ):**

પંચમહાલ જીલ્લાના કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાના ૫,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપતી, રૂ. ૫૯.૦૦ કરોડના અંદાજીત ખર્ચવાળી સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગતની કડાણા ઉચ્ચસ્તરીય (હાઈ લેવલ) નહેરનાં કામો પૂર્ણતા તરફ ધપી રહેલ છે. વિતરણ વ્યવસ્થા માળખાનાં તબક્કા-૨નાં કામો પ્રગતિમાં છે. જેનાથી ૨૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળેલ છે અને બાકીના ૨૫૦૦ હેક્ટર વિસ્તારને વર્ષ૨૦૧૫-૧૬ માં લાભ મળશે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે રૂ. **૧૭૦.૦૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૪.૧.૮ સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કિનારે ક્ષાર પ્રવેશ નિયંત્રણ કામો:**

સૌરાષ્ટ્ર, કચ્છ, ઘેડ વિસ્તારમાં ક્ષાર પ્રવેશ અટકાવવા માટે બંધારા, રીચાર્જ જળાશયો, રીચાર્જ તળાવો, ચેકડેમો, નાળા પ્લગીંગ અને વનીકરણ જેવા કામો પ્રગતિમાં છે. બોડકી ભરતી નિયંત્રક, પીંડારા બંધારા, જસપર બંધારા, કેસીયા બંધારા, સરોડ રીચાર્જ રીઝરવીયર, ૩ રીચાર્જ તળાવો, ૧ અનુશ્રવણ તળાવો, ૨૫ કિ.મી. લાંબી વિસ્તરણ નહેર અને ૪.૧૭ કિ.મી. લાંબી રેડિયલ કેનાલનાં કામો પ્રગતિ હેઠળ છે. આશરે ૧૮,૦૦૦ હેકટર વિસ્તારને લાભ મળશે. સૌરાષ્ટ્ર, ઘેડ વિસ્તાર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણનાં કામો માટે ૨૦૧૫-૧૬માં રૂ. **૪૨૭૧.૯૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

### ૪૨ ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ જોડાણ નહેર:

તાપી જીલ્લાના ૯,૯૦૦ હેક્ટર આદિજાતિ વિસ્તારની સિંચાઈ સુવિધા માટે રૂ. ૧૫૯.૭૧ કરોડની અંદાજીત કિંમતવાળી અને અંદાજે ૧૩૩૦૦ હેક્ટર આદિવાસી વિસ્તારને લાભિત

કરતી ઉકાઈ ડેમથી પૂર્ણા નદી સુધીની ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ કેનાલનાં કામો પ્રગતિમાં છે. મુખ્ય નહેરના મુખ્ય નિયંત્રકનું કામ પૂર્ણ થયેલ છે. ઉકાઈથી પૂર્ણા નદી સુધીની મુખ્ય નહેરનું અસ્તરકામ અને નાળા પુલીયાંનાં કામો પૂર્ણતાને આરે છે. આ કામો માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. ૫૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે.

### ૪.૩ સિંચાઈ યોજનાઓ અને નહેરોનું વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણ:

નહેરો ઉપયોગ શરૂ કર્યા પછી સમય જતાં નહેરોનો હાઈડ્રોલિક કાર્યક્ષમ આકાર નાશ પામેલ છે. વધુમાં નહેરોના માર્ગમાં લીકેજને કારણે નોંધપાત્ર ઘટ પડે છે. આના કારણે ઉભી કરાયેલ સિંચાઈ ક્ષમતા અને સિંચાઈ વપરાશ વચ્ચે ૨૦ % નો નોંધપાત્ર ગેપ રહે છે. યોજનાનાની શરૂઆત વખતની પાક પદ્ધતિ અને જમીન વપરાશમાં પણ નોંધપાત્ર ફેરફાર થયેલ છે. ઉત્પન્ન કરેલ સિંચાઈ ક્ષમતા અને સિંચાઈ વપરાશ વચ્ચેનો ગેપ ઓછી કરવા તેમજ છેવાડાના ખેડૂતોને તેમના યોગ્ય ભાગનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે  તે માટે વિભાગે હયાત નહેર પધ્ધતિનું વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણનાં કામો મોટે પાયે શરૂ કરેલ છે. બધીજ મોટી પરિયોજનાઓમાં યોજનાના પુન:મૂલ્યાંકન અને બેન્ચમાર્કિંગનું કામ પૂર્ણકરવામાં આવેલ છે તેમજ ૬.૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં નહેર સુધારણાનાં કામો માર્ચ ૨૦૧૪ અંતિત પૂર્ણ કરવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૧૫-૧૬માં ૬૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં નહેર સુધારણાનાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. આ કામો માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. **૨૧૧૦૯.૪૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

### ૪.૪ સહભાગી સિંચાઈ વ્યવસ્થા:

સિંચાઈ યોજનાઓની ઉપલબ્ધ જળસંપત્તિના આયોજન અને વ્યવસ્થાપનમાં લાભાર્થીઓ અને સ્ટેક હોલ્ડરોને સામેલ કરવા માટે મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓના નવીનીકરણના કામોમાં અને પાણીની વહેચણીમાં સહભાગી સિંચાઈ વ્યવસ્થાને મહત્વ આપવામાં આવેલ છે.

રાજ્યનો શક્ય તેટલો મહત્તમ કમાન્ડ વિસ્તાર સહભાગી સિંચાઈ હેઠળ લાવવા સારૂ ગુજરાત સરકારે નિર્ણય કરેલ છે. કેટલીક સિંચાઈ યોજનાઓનો કમાન્ડ વિસ્તાર, સિંચાઈ સહકારી મંડળીઓને તબદીલ કરવા અંગે રાજ્ય સરકારે કેટલાક નીતિ વિષયક નિર્ણયો કરેલ છે.

ઉપભોક્તા સંચાલિત વ્યવસ્થાના અનુભવે જણાયું છે કે, સિંચાઈ વ્યવસ્થાપન હેઠળ ખેડૂત જૂથ દ્વારા હાથ ધરાતાં ઘણાં બધાં કામો કાર્યક્ષમ રીતે અને ઓછી કિંમતે થઈ શકે છે. ખેડૂતોની દેખરેખ હેઠળ વહન પધ્ધતિનું રીપેરીંગ અને મરામત ઝડપથી થાય છે, પરિણામે પાણીનો

વધારે કાર્યક્ષમ રીતે ઉપયોગ થઈ શકે છે. આ કામગીરી હેઠળ ૪૯૬૦૦૦ હેક્ટર વિસ્તાર ૧૬૯૪ પાણી વપરાશકારોને માર્ચ-૨૦૧૪ સુધીમાં હસ્તાંતરિત કરવામાં આવેલ છે. આગામી વર્ષ માં વધુ ૫૦૦૦૦ હેક્ટર વિસ્તાર આવરીલેવામાં આવશે.

મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ અંતર્ગતની સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૫૬૪૫.૭૯ લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૪.૫ અન્ય મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ, સંલગ્ન કામો અને અન્ય કાર્યક્રમો**

અન્ય મધ્યમ સિંચાઈ યોજનાઓ જેવી કે આજી-૪, ભાદર-૨, ડેમી-૩, ગોમા (પં), ગુંદા ઉતાવળી, કોલિયારી, લીમડી ભોગાવો-૨, મચ્છુ-૩, ઓઝત-૨, મુકતેશ્વર, સાંતલી, ઉન્ડ-૨, વારાણસી, વર્તુ-૨, ચિંચાઈ ઉદવહન યોજના, કડાણા જમણાકાંઠા નહેર, મહી પીક અપ વિયર, રાણા ખીરાસરા તેમજ સંલગ્ન કામો જેવાં કે કમાન્ડ વિસ્તારમાં નીતાર, બંધ સલામતી, પૂર્ણ થયેલ યોજનાઓની ખાસ જરૂરિયાત, માહિતી અને પ્રોદ્યોગિકી અને અન્ય કાર્યક્રમો માટે વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. ૪૮૨૮૧.૫૭ લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૪.૬ કલ્પસર યોજના:**

રાજ્ય સરકારે ૧૯૮૮થી ખંભાતના અખાતના વિકાસની પરિયોજનાની શક્યતા તપાસવાનું શરૂ કરેલ, જે અન્વયે હાથ ધરેલ જુદા જુદા અભ્યાસોના નિષ્કર્ષ પરથી એ નક્કી થયેલું કે, યોજના તાંત્રિક રીતે શક્ય અને આર્થિક રીતે પોષણક્ષમ છે.

ખંભાતના અખાતના વિકાસની પરિયોજનાની શક્યતાદર્શી અભ્યાસની કામગીરી બે ભાગમાં વહેંચાયેલી છે. (૧) ઈજનેરી અભ્યાસો સંબંધી કામગીરી (૨) પર્યાવરણીય / સામાજીક અસરોના લગત અભ્યાસો સંબંધની કામગીરી.

**(૧) ઈજનેરી અભ્યાસો સંબંધી કામગીરી:** નીચે મુજબની અભ્યાસો / કામગીરીઓ પ્રગતિમાં કે મંજૂરીના આખરી તબક્કા હેઠળ છે.

૧. ડેમ કોરીડોર માટેનું દરિયાઈ સર્વેક્ષણ
૨. ખંભાતના અખાતના ઉત્તર તરફના વિસ્તાર માટેનું દરિયાઈ સર્વેક્ષણ
૩. ખંભાતના અખાતના દક્ષિણ તરફના વિસ્તાર માટેનું દરિયાઈ સર્વેક્ષણ
૪. હાઈડ્રોડાયનેમીક અને કાંપ (સેડીમેન્ટેશન) મોડેલ સ્ટડી
૫. પરિવહન સંબંધી અભ્યાસ
૬. કલ્પસરથી ખંભાતના અખાતની આજુબાજુના હયાત અને સૂચિત બંદરો પર અસરો
૭. સુનામીનો અભ્યાસ
૮. વિન્ડ વેવ્સ, સ્ટોર્મ અને સેઈચીઝની અસરોનો અભ્યાસ
૯. સી લેવલ રાઈઝનો અભ્યાસ
૧૦. ભૂકંપ બાબતનો અભ્યાસ

૧૧. જમીન નવસાધ્યકરણ
૧૨. પાણીની ઉપલબ્ધતા અને પૂરનો અભ્યાસ
૧૩. જીયોટેકનીકલ અભ્યાસ
૧૪. નર્મદા ડાયવર્ઝન કેનાલ
૧૫. બાંધકામ મટીરીયલ સર્વેક્ષણ
૧૬. ફીઝીકલ મોડેલ સ્ટડી

**(૨) પર્યાવરણ અને સામાજીક અસરો લગત અભ્યાસો**

૧. સ્કોપીંગ અભ્યાસ
૨. બેઈઝ લાઈન અભ્યાસ
૩. મેન્ગ્રોવ્ઝ અભ્યાસ
૪. મીઠાના અગરોનો અભ્યાસ
૫. પાણીની ગુણવત્તા અંગેનો અભ્યાસ
૬. પર્યાવરણ અને સામાજીક અસરોનો અભ્યાસ
૭. જુદા જુદા અભ્યાસોનું સીનોપ્સીસ

ઉપરોક્ત હકીકતે તેમજ તા. ૨૨-૦૯-૦૯ના રોજ લેવાયેલ નિર્ણય અનુસાર નવી લાઈનદોરી બાબતે કલ્પસર પ્રભાગે ઉપરોક્ત કામગીરી શરૂ કરેલ છે. વિવિધ સરકારી મંજૂરીઓને આધિન, ખંભાતના અખાતના વિકાસની પરિયોજના ૨૦૧૫-૧૬થી શરૂ કરવાનું આયોજન છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં **રૂ. ૪૫૦૦.૦૦ લાખ**ની જોગવાઈ કલ્પસર પરિયોજના અને **રૂ. ૧૦૦.૦૦ લાખ**ની જોગવાઈ કન્સલટન્સી માટે તથા **રૂ. ૧૫૮.૭૯ લાખ** પગાર-ભથ્થા માટે સૂચવવામાં આવી છે.

## ૪.૭ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના:

દરિયાકાંઠાના વિકાસ માટે ૧૩ જીલ્લાઓના ૩૮ તાલુકાઓ માટે ગુજરાત સરકારે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના જાહેર કરી છે. દરિયા કિનારાના વિસ્તારની ખાસ સમસ્યાઓ જેવી કે ક્ષાર પ્રવેશ, ઘટતી જતી જમીનની ફળદ્રુપતા, ઘટતી જતી પાણીની ગુણવત્તા વગેરેના નિરાકરણ માટે જળસંપત્તિ પ્રભાગે બંધારા, ભરતી નિયંત્રક, પુન:પ્રભરણ તળાવો, વિસ્તરતી જતી નહેર, દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામો અને સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકવાનું આયોજન કર્યું છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ કામો માટે **રૂ. ૪૨૭૧.૯૦ લાખ**ની જોગવાઇ સૂચવવામાં આવી છે.

## ૪.૮ કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ

કોઇ નવી યોજના કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ મંજુર થયેલ નથી પરંતુ ૧૩માં નાણાપંચ હેઠળના પ્રગતિના કામો માટે રૂ. ૩૭૪૭.૦૦ લાખની વર્ષ ૨૦૧૫-૧૬ માટે જોગવાઇ કરેલ છે.

**૪.૯ ૪૮ વિકાસશીલ તાલુકાઓ માટેનો કાર્યક્રમ:**

૪૮ વિકાસશીલ તાલુકાઓના વિકાસ માટે જળસંપત્તિ અને કલ્પસર વિભાગે ક્ષાર પ્રવેશ નિયંત્રણનાં કામો, હયાત સિંચાઈ યોજનાઓની નહેર સુધારણા, સહભાગી સિંચાઈ વ્યવસ્થા અને બંધારા જેવાં કામોનું આયોજન કરેલ છે જેથી આ તાલુકાઓ વિકસીત તાલુકાઓની હરોળમાં આવી શકે. વર્ષ ૨૦૧૫-૧૬ માં આ કામો માટે રૂ. **૧૪૩૧.૩૩ લાખની** જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

**૫. નાબાર્ડ સહાયિત લોન (આર. આઈ. ડી. એફ.):**

રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકે (નાબાર્ડ) મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓને ઝડપી પૂર્ણ કરવા માટે ગ્રામીણ માળખાકીય વિકાસ ભંડોળ ઉભું કરેલ છે. ગુજરાતને પણ તેની વિવિધ જળસંપત્તિ યોજનાઓ માટે નાબાર્ડની સહાય મળે છે. વર્ષ ૨૦૧૩-૧૪માં નાબાર્ડ સહાયિત યોજનાઓ માટે રૂ.**૧૩૫૪૧.૦૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**૬. આદિજાતિ વિસ્તાર પેટા યોજના (ટી.એ.એસ.પી.):**

મોટી અને મધ્યમ સિંચાઈ (સરદાર સરોવર સિવાય) માટે વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ માં રૂ. ૩૧૬૧૯૬.૦૧ **લાખની** જોગવાઈ સંચવેલ છે, આ પૈકી રૂ. ૨૪૭૮૩.૩૮ **લાખ** આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે સૂચવેલ છે, જે મોટી અને મધ્યમ સિંચાઈની કૂલ જોગવાઈના ૭.૮૩ ટકા થાય છે.

**૭. અનુસૂચિત જાતિ પેટા યોજના (એસ.સી.એસ.પી.):**

મોટી અને મધ્યમ સિંચાઈ (સરદાર સરોવર સિવાય) માટે વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ માં રૂ. **૩૧૬૧૯૬.૦૧ લાખની** જોગવાઈ સંચવેલ છે, આ પૈકી રૂ. **૧૨૪૫.૦૦ લાખ** અનુસૂચિત જાતિ પેટા યોજના માટે સૂચવેલ છે.

**૮. રોજગાર નિર્માણ:**

વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬માં મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓમાં રોજગાર ઘટક આશરે રૂ. ૮૮૯૬૩.૩૯ **લાખ** (સરદાર સરોવર સિવાયની મોટી અને મધ્યમ યોજનાઓ માટે મૂડી જોગવાઈના ૩૦ ટકા ) થવા જાય છે. સરેરાશ રૂ ૨૬૮/- પ્રતિ માનવ દિન પ્રમાણે ૩૩૧ લાખ માનવ દિન રોજગારી ઉભી થશે.

૯. **ઉપસંહાર:**

મોટી અને મધ્યમ સિંચાઈએ, સિંચાઈનું મહત્વનું સેક્ટર છે. ચાલુ મધ્યમ સિંચાઈ યોજનાઓ પૂરી કરવા અને વધારાના પાણીની આંતર બેઝીન તબદીલી, જોડાણ નહેરો દ્વારા પાણીની તબદીલી, ક્ષાર પ્રવેશ નિયંત્રણ કામો, સહભાગી સિંચાઈ વ્યવસ્થા, નદીઓનું આંતર જોડાણ અને ઉપલબ્ધ પાણીનો અસરકારક અને કરકસરપૂર્વક ઉપયોગ દ્વારા રાજ્યના વિવિધ પ્રદેશોમાં પાણીનું સંતુલન જાળવવા રાજ્ય સરકારે મોટી અને મધ્યમ સિંચાઈને મહત્વ આપેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટે મોટી અને મધ્યમ સિંચાઈ માટે **રૂ. ૩૧૬૧૯૬.૦૧ લાખની** જોગવાઈ સૂચવેલ છે.

## જી. એન. પત્રક - એ
## વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ મુખ્ય સદર/પેટા સદરવાર જોગવાઇ

**(રૂ. લાખમાં)**

| અ.નં | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના (૨૦૧૪-૧૫) | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઇ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | અંદાજપત્રિય જોગવાઇ | આઈબીઆર: રાજ્ય પીએસઇ (અંદાજપત્ર મદદ સિવાય) | આઈબીઆર: સ્થાનિક સંસ્થાઓ (અંદાજપત્રિય મદદ સિવાય) | | | કુલ સુચિત જોગવાઇ (૫+૬+૯) |
| | | | | | | | શહેર સ્થાનિક સંસ્થા | ગ્રામ્ય સ્થાનિક સંસ્થા | કુલ | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૨ | **મોટી અને મધ્યમ સિંચાઇ** | | | | | | | | | |
| | (i) મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ (સુજલામ સુફલામ યોજના સિવાય) | ૧૩૧૩૪૦.૩૯ | ૨૨૧૭૮૭.૯૦ | ૩૪૯૮૮૦.૪૯ | ૨૮૮૮૩૬.૧૬ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૨૮૮૮૩૬.૧૬ |
| | (ii) મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ (સુજલામ સુફલામ યોજના) | ૧૦૦૮.૦૦ | ૧૯૮૭૫.૧૪ | ૧૬૮૦૦.૬૦ | ૨૨૬૦૧.૦૬ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૨૨૬૦૧.૦૬ |
| | (iii) કલ્પસર (મોટા કામો) | ૪૯૬.૮૫ | ૪૦૯૯.૬૪ | ૧૮૧૯.૧૦ | ૪૭૫૮.૭૯ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૪૭૫૮.૭૯ |
| | **કુલ** | **૧૩૨૮૪૫.૨૪** | **૨૪૫૭૬૨.૬૮** | **૩૬૮૫૦૦.૧૯** | **૩૧૬૧૯૬.૦૧** | **0.00** | **0.00** | **0.00** | **0.00** | **૩૧૬૧૯૬.૦૧** |

## એનેક્ષર-૧
## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬

(રૂ. લાખમાં)

| અ.નં | યોજનાનો નંબર (૬ અંકમાં) | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર (યોજનાવાર) | અમલ કરનાર સંસ્થા સરકાર/ જાહેર સાહસો/ સ્થાનિક સંસ્થાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના (૨૦૧૪-૧૫) | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સુચિત જોગવાઇ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | કૂલ | ચાલુ બાબતો | નવી બાબતો |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| **અ** | | **બાહ્ય સહાયિત યોજનાઓ** | | | | | | | |
| **I** | | **મોટી યોજનાઓ** | | | | | | | |
| **II** | | **મધ્યમ યોજનાઓ** | | | | | | | |
| **III** | | **અન્ય યોજનાઓ** | | | | | | | |
| ૧ | ૪૧૨૦૦૧ | રાષ્ટ્રીય જળવિજ્ઞાન પરિયોજના (વિશ્વ બેંક) | રાજ્ય સરકાર | ૪૨૪.૧૦ | 0.00 | 0.00 | ૨૦.૦૦ | 0.00 | ૨૦.૦૦ |
| | | **અ- III નો પેટા સરવાળો** | | ૪૨૪.૧૦ | 0.00 | 0.00 | ૨૦.૦૦ | 0.00 | ૨૦.૦૦ |
| | | **અ નો કુલ સરવાળો** | | **૪૨૪.૧૦** | **0.00** | **0.00** | **૨૦.૦૦** | **0.00** | **૨૦.૦૦** |
| **બ** | | **ચાલુ અને નવી યોજનાઓ** | | | | | | | |
| ૨ | ૧૧૨૦૫૮ | સુજલામ સુફલામ યોજના **(નોરમલ)** | રાજ્ય સરકાર | ૧૭૩૩૪.૧૫ | ૭૫૯૭.૨૮ | ૪૦૩૦.૭૦ | ૧૬૪૩૨.૦૬ | ૮૪૯૫.૦૬ | ૭૯૩૭.૦૦ |
| ૩ | ૧૨૨૦૬૪ | સુજલામ સુફલામ યોજના **(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | ૨૩૩.૯૪ | ૨૪૨.૫૯ | ૧૧૪.૦૦ | ૧૭૦.૦૦ | 0.00 | ૧૭૦.૦૦ |

| અ.નં | યોજનાનો નંબર (૬ અંકમાં) | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર (યોજનાવાર) | અમલ કરનાર સંસ્થા સરકાર/ જાહેર સાહસો/ સ્થાનિક સંસ્થાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના (૨૦૧૪-૧૫) | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સુચિત જોગવાઇ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | કૂલ | ચાલુ બાબતો | નવી બાબતો |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૪ | ૧૧૨૧૪૩ | સૌની યોજના<br>(નાબાર્ડ સિવાય) | રાજ્ય સરકાર | ૨૪૮૮૮.૨૪ | ૧૨૩૯૭૨.૦૯ | ૨૬૧૨૫૦.00 | ૨૦૮૯૬૧.૫૦ | ૨૦૮૩૩૬.૫૦ | ૬૨૫.00 |
| ૫ | ૧૧૨૧૨૧ | ક્ષાર પ્રવેશ નિયંત્રણ કામો.<br>**(૧૩માં નાણા પંચ સહાય સિવાય)** | રાજ્ય સરકાર | ૧૬૪૮.૫૭ | ૧૩૫૭.૩૯ | ૧૬૦૩.00 | ૭૭૪.૯૦ | ૫૨૦.00 | ૨૫૪.૯૦ |
| ૬ | ૩૧૨૧૫૮ | ક્ષાર પ્રવેશ નિયંત્રણ કામો.<br>**(૧૩માં નાણા પંચ સહાયિત)** | રાજ્ય સરકાર | ૨૪૨૦.૭૩ | ૮૩૦૦.00 | ૮૩૦૦.00 | ૩૭૪૭.00 | ૩૭૪૭.00 | 0.00 |
| ૭ | ૧૧૨૦૧૨ | કલ્પસર યોજના<br>**(મેજેર વર્ક)** | રાજ્ય સરકાર | ૪૯૬.૮૫ | ૪૦૯૯.૬૪ | ૧૮૧૯.૧૦ | ૪૭૫૮.૭૯ | ૪૭૫૮.૭૯ | 0.00 |
| ૮ | ૧૧૨૦૦૪ | મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ<br>**(નોરમલ)** | રાજ્ય સરકાર | ૧૨૬૭૧.૫૩ | ૧૫૪૩૧.૧૧ | ૧૧૪૫૬.૧૪ | ૧૪૮૯૧.૯૪ | ૧૧૭૩૨.૮૯ | ૩૧૫૯.૦૫ |
| ૯ | ૧૨૨૦૧૭ | મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ<br>(ટ્રાયબલ) | રાજ્ય સરકાર | ૯૩૫૭.૭૩ | ૧૦૭૧૧.૨૪ | ૯૪૨૩.૦૮ | ૧૪૨૧૧.૨૪ | ૧૧૩૮૨.૫૪ | ૨૮૨૮.૭૦ |
| 10A | ૪૧૨૧૦૮ | મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ<br>**(નાબાર્ડ-નોરમલ-SSY)** | રાજ્ય સરકાર | ૨૮૪૧૫.૮૪ | ૧૦૮૩૫.૨૭ | ૧૧૧૭૫.૨૭ | ૫૩૯૯.00 | ૨૩૮૧.00 | ૩૦૧૮.00 |
| 10B | ૪૧૨૧૦૮ | મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ<br>**(નાબાર્ડ-નોરમલ-Non SSY)** | રાજ્ય સરકાર | ૩૧૩૧૬.૧૮ | ૨૨૬૭૫.૨૦ | ૨૨૪૨૦.00 | ૭૫૪૨.00 | ૪૬૫૨.૨૮ | ૨૮૮૯.૭૨ |
| 11A | ૧૨૨૦૧૭ | મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ<br>**(નાબાર્ડ-ટ્રાયબલ-SSY)** | રાજ્ય સરકાર | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 11B | ૧૨૨૦૧૭ | મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ<br>**(નાબાર્ડ-ટ્રાયબલ-Non SSY)** | રાજ્ય સરકાર | ૨૩૦૦.00 | ૧૨૦૦.00 | ૧૪૮૦.૬૩ | ૬૦૦.00 | ૬૦૦.00 | 0.00 |
| ૧૨ | ૧૧૨૦૩૪ | ઇઆરએમ અને પીઆઇએમ કામો<br>**(નોરમલ)** | રાજ્ય સરકાર | ૨૦૫૧૨.૦૩ | ૧૧૭૧૪.૧૨ | ૧૦૪૦૧.૫૬ | ૧૪૦૬૬.૦૫ | ૫૨૯૩.૬૬ | ૮૭૭૨.૩૯ |
| ૧૩ | ૧૨૨૦૩૪ | ઇઆરએમ અને પીઆઇએમ કામો<br>**(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | ૭૦૬૩.૬૨ | ૩૯૭૮.૨૭ | ૪૫૮૮.૪૫ | ૭૩૦૨.૧૪ | ૫૧૨૯.૭૧ | ૨૧૭૨.૪૩ |
| ૧૪ | ૧૩૨૦૩૪ | ઇઆરએમ અને પીઆઇએમ કામો<br>**(SCSP)** | રાજ્ય સરકાર | ૭૭૫.૮૯ | ૧૭૭૮.૫૦ | ૧૯૨૨.00 | ૧૨૪૫.00 | ૫૫૦.૯૫ | ૬૯૪.૦૫ |

| અ.નં | યોજનાનો નંબર (૬ અંકમાં) | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર (યોજનાવાર) | અમલ કરનાર સંસ્થા સરકાર/ જાહેર સાહસો/ સ્થાનિક સંસ્થાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના (૨૦૧૪-૧૫) | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સુચિત જોગવાઇ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | કૂલ | ચાલુ બાબતો | નવી બાબતો |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૫ | ૧૧૨૦૩૬ | રીસર્ચ/ડેવલોપમેન્ટ/વાહન-મશીનરી ખરીદી/મોજણી કામો/ટ્રૈનીંગ | રાજ્ય સરકાર | ૬૦૧.૮૬ | ૫૬૩.૧૦ | ૭૬૨.૦૮ | ૧૧૪૬.૫૦ | ૯૯૬.૫૦ | ૧૫૦.00 |
| ૧૬ | ૧૧૨૦૮૩ | ઇન્ફરમેશન ટેકનોલોજી | રાજ્ય સરકાર | ૩૦૬.૪૨ | ૪00.00 | ૪૪૨.૫૦ | ૩૬૧.૩૦ | ૩૨૫.૩૦ | ૩૬.00 |
| ૧૭ | ૧૧૨003 | ડેમ સેફ્ટી અંગેના કામો | રાજ્ય સરકાર | ૧૧૯૫૦.૩૪ | ૧૧૯૦૬.૮૮ | ૮૩૧૧.૬૮ | ૭૦૬૬.૫૯ | ૨૬૮૮.૮૫ | ૪૩૭૭.૭૪ |
| ૧૮ | ૧૧૨૧૬૧ | જમીન સંપાદના **(નોરમલ)** | રાજ્ય સરકાર | ૪૯૫૭.૬૬ | ૪000.00 | ૪000.00 | ૫000.00 | ૫000.00 | 0.00 |
| ૧૯ | ૧૨૨૧૬૧ | હડફ, કબુતરી અને એદલવાડા સિંચાઇ યોજના ના જમીન સંપાદનના વળતરના વન વિભાગને ચુકવવાના NPV ચુકવણા. **(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | 0.00 | ૫000.00 | ૫000.00 | ૨૫00.00 | 0.00 | ૨૫00.00 |
| | | **કૂલ - બ** | | ૧૭૭૨૫૧.૫૮ | ૨૪૫૭૬૨.૬૮ | ૩૬૮૫00.૧૯ | ૩૧૬૧૭૬.૦૧ | ૨૭૬૫૯૧.03 | ૩૯૫૮૪.૯૮ |
| | | **કૂલ સરવાળો (અ+બ)** | | **૧૭૭૬૭૫.૬૮** | **૨૪૫૭૬૨.૬૮** | **૩૬૮૫00.૧૯** | **૩૧૬૧૯૬.૦૧** | **૨૭૬૫૯૧.03** | **૩૯૬૦૪.૯૮** |

**એનેક્ષર-૨**

**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬**

**ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ**

| અ.નં | વિગત | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | **મોટી અને મધ્યમ સિંચાઇ** | | | | | | |
| | સિંચાઈશક્તિ | હજાર હેક્ટર | ૧૧.૦૦ | ૨૯.૦૦ | ૨૦.૦૦ | ૨૫.૦૦ | |
| | સિંચાઈવપરાશ | હજાર હેક્ટર | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | |

## એનેક્ષર-૩

## વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬

## બાહ્ય સહાયિત યોજનાઓ અંગેનું પત્રક

(રૂ. લાખમાં)

| અ. | યોજનાનું નામ, પ્રકાર અને સ્થળ- પ્રોજેક્ટ કોડ અને બાહ્ય નાણાકીય મદદ કરનાર સંસ્થાનું નામ | કામની મંજૂરીની તારીખ/ શરૂ થયાની તારીખ | બાહ્ય સહાય મળવાની છેલ્લી તારીખ (અ) મૂળ (બ) સુધારેલ | અંદાજીત કિંમત (અ) મૂળ (બ) સુધારેલ (છેલ્લામાં છેલ્લી) | ફંડનું સ્વરૂપ (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગત આપવી) (ડ) કુલ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર થયેલ ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ મંજૂર થયેલ જોગવાઈ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ સંભવિત ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઈ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ભૂકંપથી નુકસાન પામેલ બંધોની બંધ સલામતી (જીએસડીએમએ) (આઇઆરજી-૪) | ૨૦૦૧ | અ) ૩૧-03-2003 | ૪૧૮૦૦.૦૦ | ૧૦૦ ટકા રાજ્ય હિસ્સો (વિશ્વ બેંકની | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | | બ) ૩૧-૧૦-૨૦૦૮ | ૩૭૮૦૦.૦૦ | ૧૦૦ ટકા રાજ્ય હિસ્સો (વિશ્વબેંકની | | | | |
| ૨ | રાષ્ટ્રીય જળવિજ્ઞાન પરિયોજના (તબક્કો-૨) (વર્લ્ડ બેંક લોન નંબર ૪૭૪૯- આઈ. એન. આઈ.ડી.એ.) (આઇઆરજી-૨ ) | ૧૯-૦૧-૨૦૦૬ | અ) ૩૦-૦૬-૨૦૧૨ | ૨૪૨૩.૦૦ | ૧૦૦ ટકા રાજ્ય હિસ્સો (વિશ્વબેંકની | ૪૨૪.૧૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૦૦ |
| | | | બ) ૩૦-૦૬-૨૦૧૪ | ૨૫૩૪.૨૦ | ૧૦૦ ટકા રાજ્ય હિસ્સો (વિશ્વ બેંકની | | | | |
| | **Grand Total** | | અ) | **૪૪૨૨૩.૦૦** | | **૪૨૪.૧૦** | **૦.૦૦** | **૦.૦૦** | **૨૦.૦૦** |
| | | | બ) | **૪૦૩૩૪.૨૦** | | | | | |

## એનેક્ષર-૪

### વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ

(રૂ. લાખમાં)

| અ.નં. | યોજનાનું નામ | સહાયનું સ્વરૂપ | | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | | | | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | છૂટો કરેલ હિસ્સો | | | કુલ ખરેખર થયેલ ખર્ચ | છૂટો કરેલ હિસ્સો | | | કુલ સંભવિત ખર્ચ | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ |
| | | | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ | | | | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | **મોટી અને મધ્યમ સિંચાઇ** | | | | | | | | | | | | | |
| ૧ | આજી-૪ (AIBP) (ફક્ત વર્ક્સ) (૫૧૨૦૦૭) | ૨૫ ટકા | ૭૫ ટકા | માર્ચ-૨૦૧૦માં સહાય પૂર્ણ | | | - | સીએસએસ હેઠળ નથી | | | | સીએસએસ હેઠળ નથી | | |
| ૨ | ઓઝત-૨(AIBP) (ફક્ત વર્ક્સ) (૫૧૨૦૨૩) | ૨૫ ટકા | ૭૫ ટકા | માર્ચ-૨૦૧૦માં સહાય પૂર્ણ | | | - | સીએસએસ હેઠળ નથી | | | | સીએસએસ હેઠળ નથી | | |
| ૩ | ભાદર-૨(AIBP) (ફક્ત વર્ક્સ)(૫૧૨૦૧૦) | ૨૫ ટકા | ૭૫ ટકા | જૂન-૨૦૧૦માં સહાય પૂર્ણ | | | - | સીએસએસ હેઠળ નથી | | | | સીએસએસ હેઠળ નથી | | |
| ૪ | ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજનાઓ (સૌરાષ્ટ્ર) (૧૨નું નાણાપંચ) (૩૧૨૦૯૧) | ૧૦૦ ટકા | | aid closed on March-2011 | | | - | સીએસએસ હેઠળ નથી | | | | સીએસએસ હેઠળ નથી | | |
| ૫ | કચ્છ વિસ્તારમાં ભરતી નિયંત્રકો અને બંધારાનાં કામો ( બારમું નાણા પંચ)(૩૧૨૧૨૧) | ૧૦૦ ટકા | | માર્ચ-૨૦૧૧માં સહાય પૂર્ણ | | | - | સીએસએસ હેઠળ નથી | | | | સીએસએસ હેઠળ નથી | | |
| ૬ | સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર માટે ક્ષાર પ્રવેશ નિવારણનાં કામો (૧૩મા નાણા પંચ સહાયિત કામો) (૩૧૨૧૫૮) | ૧૦૦ ટકા | | ૨૪૨૦.૭૩ | 0.00 | ૨૪૨૦.૭૩ | ૨૪૨૦.૭૩ | ૮૩00.00 | 0.00 | ૮૩00.00 | ૮૩00.00 | ૩૭૪૭.00 | 0.00 | ૩૭૪૭.00 |
| ૭ | દક્ષિણ ગુજરાત વિસ્તાર માટે દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામો (૧૩મા નાણા પંચ સહાયિત કામો) (૩૧૨૧૫૭) | ૧૦૦ ટકા | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ફ્લડ કંટ્રોલ. માં તબદિલ થયેલ છે | ફ્લડ કંટ્રોલ. માં તબદિલ થયેલ છે | ફ્લડ કંટ્રોલ. માં તબદિલ થયેલ છે | ફ્લડ કંટ્રોલ. માં તબદિલ થયેલ છે | ફ્લડ કંટ્રોલ. માં તબદિલ થયેલ છે | ફ્લડ કંટ્રોલ. માં તબદિલ થયેલ છે | ફ્લડ કંટ્રોલ. માં તબદિલ થયેલ છે |
| | **કૂલ** | | | **૨૪૨૦.૭૩** | **0.00** | **૨૪૨૦.૭૩** | **૨૪૨૦.૭૩** | **૮૩00.00** | **0.00** | **૮૩00.00** | **૮૩00.00** | **૩૭૪૭.00** | **0.00** | **૩૭૪૭.00** |

નોંધ: ૧૩મા નાણા પંચે ક્ષાર પ્રવેશ નિયંત્રણ માટે રૂ. ૧૫૦ કરોડ અને દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામો માટે રૂ. ૧૫૦ કરોડ ઊચક મંજૂર કરેલ છે

## એનેક્ષર-૫ - એ
## આદિજાતિ પેટા યોજના (ટીએસપી)
## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : આદિજાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

(રૂ. લાખમાં)

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | વાર્ષિ યોજના ૨૦૧૩-૧૪ ટીએસપી હેઠળ થયેલ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિ યોજના ૨૦૧૫-૧૬ (સુચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર થયેલ જોગવાઇ | | સંભવિત ખર્ચ | | | |
| | | | કુલ જોગવાઇ | તે પૈકીની ટીએસપી ની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકીનો ટીએસપી નો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકીની ટીએસપીની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | **ટીએસપી હેઠળની મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ** | | | | | | | |
| I | **એસએસવાય હેઠળની સિંચાઇ યોજનાઓ** | | | | | | | |
| | (૩)સુજલામ સુફલામ યોજના | ૨૩૩.૯૪ | ૭૮૩૯.૮૭ | ૨૪૨.૫૯ | ૪૧૪૪.૭૦ | ૧૧૪.૦૦ | ૧૬૬૦૨.૦૬ | ૧૭૦.૦૦ |
| | (૧૧) મોટી અને મધ્યમ સિંચાઇ ના નાબાર્ડ હેઠળના કામો | ૨૩૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ | ૧૪૮૦.૬૩ | ૧૪૮૦.૬૩ | ૬૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| | | **૨૫૩૩.૯૪** | **૯૦૩૯.૮૭** | **૧૪૪૨.૫૯** | **૫૬૨૫.૩૩** | **૧૫૯૪.૬૩** | **૧૭૨૦૨.૦૬** | **૭૭૦.૦૦** |
| II | **એસએસવાય હેઠળ ન હોય તેવી સિંચાઇ યોજનાઓ** | | | | | | | |
| | (૯) મોટી અને મધ્યમ સિંચાઇ ના કામો | ૯૩૫૭.૭૩ | ૪૮૮૧૭.૫૫ | ૯૪૨૩.૦૮ | ૪૫૦૫૧.૪૧ | ૯૪૨૩.૦૮ | ૩૬૬૪૫.૧૮ | ૧૪૨૧૧.૨૪ |
| | | **૯૩૫૭.૭૩** | **૪૮૮૧૭.૫૫** | **૯૪૨૩.૦૮** | **૪૫૦૫૧.૪૧** | **૯૪૨૩.૦૮** | **૩૬૬૪૫.૧૮** | **૧૪૨૧૧.૨૪** |
| III | **સિંચાઇ યોજનાના ઇઆરએમ/પીઆઇએમ ના કામો** | | | | | | | |
| | (૧૩) ઇઆરએમ/પીઆઇએમ કામો | **૭૦૬૩.૬૨** | **૧૭૪૭૦.૮૯** | **૩૯૭૮.૨૭** | **૧૬૯૧૨.૦૧** | **૪૫૮૮.૪૫** | **૨૨૬૧૩.૧૯** | **૭૩૦૨.૧૪** |
| IV | **સિંચાઇ યોજનાઓની જમીન સંપાદનના વળતર** | | | | | | | |
| | (૧૯) હડફ, કબુતરી અને એદલવાડા સિં. યોજનાની જમીનના વનવિભાગને ચુકવવાની રકમ.(NVP PAYMENT)(વર્ષ ૨૦૧૪-૧૫ ની નવી આઇટેમ) | 0.00 | ૯૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૨૫૦૦.૦૦ | ૨૫૦૦.૦૦ |
| | **કુલ I+II+III+IV (મોટી અને મધ્યમ સિંચાઇ યોજના)** | **૧૮૯૫૫.૨૯** | **૮૪૩૨૮.૩૧** | **૧૯૮૪૩.૯૪** | **૭૨૫૮૮.૭૫** | **૨૦૬૦૬.૧૬** | **૭૮૯૬૦.૪૩** | **૨૪૭૮૩.૩૮** |

## એનેક્ષર-૫ - બી

## આદિજાતિ પેટા યોજના (ટીએસપી)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ : આદિજાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) |
|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | **મોટી અને મધ્યમ સિંચાઇ**<br>(કડાણા ૨૦૦૦ + પાનમ ૫૦૦૦ +ઉકાઇ પૂર્ણા ૫૦૦૦) | હજાર હેક્ટર | ૭.૦૦ | ૧૩.૦૦ | ૭.૦૦ | ૧૨.૦૦ |

## એનેક્ષર-૯ - એ

## અનુસૂચિત જાતિ પેટા યોજના (અ.જા.પે.યો.)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : અનુસૂચિત જાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

(રૂ. લાખમાં)

| અ.નં | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | વાર્ષિ યોજના ૨૦૧૩-૧૪ એસસીએસપી હેઠળ થયેલ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિ યોજના ૨૦૧૫-૧૬ (સુચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર થયેલ જોગવાઇ | | સંભવિત ખર્ચ | | | |
| | | | કુલ જોગવાઇ | તે પૈકીની એસસીએસપી ની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકીનો એસસીએસપી નો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકીની એસસીએસપી ની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | **એસસીએસપી હેઠળની મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓની વિગત.** | | | | | | | |
| **I** | **સિંચાઇ યોજનાઓના ઇઆરએમ/પીઆઇએમ ના કામો** | | | | | | | |
| | ઇઆરએમ/પીઆઇએમ ના કામો | **૭૭૫.૮૯** | **૧૭૪૭૦.૮૯** | **૧૭૭૮.૫૦** | **૧૬૯૧૨.૦૧** | **૧૯૨૨.૦૦** | **૨૨૬૧૩.૧૯** | **૧૨૪૫.૦૦** |

## એનેક્ષર-૬ - બી

## અનુસૂચિત જાતિ પેટા યોજના (અ.જા.પે.યો.)

### વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ : અનુસૂચિત જાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) |
|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | મોટી અને મધ્યમ સિંચાઇ | હજાર હેક્ટર | 0.00 | 0.00 | 0.00 | 0.00 |

# એનેક્ષર-૭

## વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઇ

## સ્વૈચ્છિક ક્ષેત્ર માટેની નાણાકીય જોગવાઇ/ખર્ચ

(રૂ.લાખમાં)

| અ. નં. | યોજનાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|
| | | ખરેખર ખર્ચ | મંજૂર થયેલ જોગવાઇ | સંભવિત ખર્ચ | (સૂચિત જોગવાઇ) |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | મોટી અને મધ્યમ સિંચાઇ | - | - | - | - |

## એનેક્ષર-૮ - એ

### રાજ્ય આયોજન કાર્યક્રમોમાં મહિલા ઘટક (વુમન કમ્પોનન્ટ)

### વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : મહિલા ઘટક માટેની દરખાસ્તો

(રૂ. લાખમાં)

| અ.નં | મુખ્યસદર/પેટા સદર | યોજનાઓ * | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધિ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સૂચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર થયેલ જોગવાઇ | | સંભવિત ખર્ચ | | | |
| | | | | કુલ જોગવાઇ | તે પૈકી મહિલા ઘટક માટેની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકી મહિલા ઘટક માટેનો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકી મહિલા ઘટક માટેની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | મોટી અને મધ્યમ સિંચાઇ | નોશનલ | ૮૧૫૪૬.૪૭ | ૨૪૫૭૬૨.૬૮ | ૧૦૭૯૭૧.૨૦ | ૩૬૮૫૦૦.૧૯ | ૧૬૮૧૩૧.૩૧ | ૩૧૬૧૯૬.૦૧ | ૧૪૧૯૨૬.૨૬ |

નોંધ: સને ૨૦૧૧ની કામચલાઉ વસ્તી ગણતરીને આધારે મહિલા ધોરણ માટેનો ઘટક કુલ કેપીટલ વર્કસના ૪૭.૮૬ ટકા લેવામાં આવેલ છે.

## એનેક્ષર-૮ - બી

## રાજ્ય આયોજન કાર્યક્રમોમાં મહિલા ઘટક (વુમન કમ્પોનન્ટ)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંક અને સિધ્ધિઓ : મહિલા ઘટક માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| | | | ખરેખર સિધ્ધિ | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધિ | લક્ષ્યાંક (સૂચિત) |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સિંચાઇશક્તિ | હજાર હેકટર | ૫.૨૭ | ૧૩.૮૮ | ૯.૫૭ | ૧૧.૯૭ |

નોંધ: સને ૨૦૧૧ની કામચલાઉ વસ્તી ગણતરીને આધારે મહિલા ધોરણ માટેનો ઘટક કુલ કેપીટલ વર્કસના ૪૭.૮૬ ટકા લેવામાં આવેલ છે.